કોરોના વધતા જતા કેસોના કારણે તંત્ર દ્વારા એસ.ડી.એમ કચેરી ખાતે આપાતકાલીન બેઠક બોલાવાઈ

અંકલેશ્વરમાં માસ્ક વગર-સોશિયલ ડિસ્ટન્સ નહીં જાળવો તો હવેથી કડક કાર્યવાહી કરાશે

અનલોકના નિયમો કડક પાલન કરાવવા માટે પોલીસ, નોટિફાઈડ અને પાલિકાને સુચના અપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર કોરોના વધતા જતા કેશને લઈ તંત્રની આપાતકાલીન બેઠક અંકલેશ્વર એસ.ડી.એમ કચેરી ખાતે બોલાવી આવી હતી. અંકલેશ્વર નાયબ કલેકટર રમેશ ભગોરાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નિયમોના કડક પાલન અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

અંકલેશ્વરમાં જ્યાં અનલોક પૂર્વે માંડ 6 કેશ હતા જે પ્રથમ અને બીજા અન લોક દરમિયાન વધીને 52 પર પહોંચી ગયા છે. છેલ્લા 12 દિવસ થી સતત કોરોના દર્દીઓ સામે આવતાજ માત્ર 12 દિવસમાં 43 કેશ નોંધાયા છે. કોરોના બેફિકર બનેલી જનતાને લઈ લોકલ સંક્રમણ વધ્યું છે. અને દિવસે દર્દીઓનો આંક વધી રહ્યો ચ.એ ચીંતાજનક રીતે લોક ડાઉન 1 થી 3માં જ્યાં અંકલેશ્વરમાં એકપણ કોરોના દર્દી સામે ના આવ્યો હતો. જે લોક ડાઉન 4 માં અને ત્યારબાદ અનલોક 1 અને હવે 2 માં સામે આવી રહ્યા છે. જેને લઈ તંત્ર હવે કડક રૂખ અપનાવ્યું છે. અંકલેશ્વર તાલુકા સેવાસદન ખાતે અંકલેશ્વર એસ.ડી.એમ રમેશ ભગોરાની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી. ડી.વાય.એસ.પી ચિરાગ દેસાઈ, બ્લોક હેલ્થ ઓફિસર ડૉ.દિનેશ વસાવા, મામલતદાર અંકલેશ્વર, ચીફ ઓફિસર પ્રશાંત પરીખ, નોટીફાઈડ ચીફ ઓફિસર તેમજ વિવિધ વિભાગોના અધિકારી અને કર્મચારીઓ હાજરીમાં સર્વ સહમતી થી અન લોકના નિયમો કડક પાલન કરાવા માટે પોલીસ, નોટીફાઈડ અને નગરપાલિકાને હિદાયત અપાય, માસ્ક વગર અને સોશયલ ડિસ્ટન્સ જાળવશો નહિ તો કડક કાર્યવાહી કરવામાં આવશે તેમજ લોકો નિયમો નું પાલન કરવા માટે તમામ વિભાગ સંયુક્ત પણે કામગીરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા ડૉ. દિનેશ વસાવાએ જણાવ્યું હતું કે માસ્ક પહેરવું ફરજીયાત, તેમજ સોશયલ ડિસ્ટન્સ જાળવામાં આવે અને સેનિટાઈઝરનો ઉપયોગ કરવા આવે તેમજ સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી ગાઈડ લાઈનનો પાલન લોકો જો નહિ કરે તો સંક્રમણ વધશે જે માટે તમામ લોકો તકેદારીના ભાગ રૂપે સરકારએ બહાર પાડેલ તમામ નિયમોનું પાલન કરવામાં આવે તેવી અપીલ છે.

ઝઘડિયાની 5 દૂધ ઉત્પાદક મંડળીઓનું દૂધ કલેક્શન બંધ કરાતા રોષ

દૂધ ભેળસેળ યુક્ત આવતું હોવાથી મિલ્ક ફેડરેશનની દૂધ કલેક્શન બંધ કરવા સૂચના

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી જે દૂધધારા ડેરીના કાર્યક્ષેત્રમાં આવે છે. તેવી પાંચ દૂધ મંડળીઓનું દૂધ કલેક્શન બંધ કરવાની સૂચના મિલ્ક ફેડરેશન દ્વારા અપાઈ હોવાનું દૂધધારા ડેરીના મેનેજરે જણાવ્યુ છે. મંડળીમાંથી ભેળસેળયુક્ત દૂધ આવે છે અથવા આવી શકે એમ હોય તાત્કાલિક અસરથી દૂધ કલેક્શન બંધ કરવાની સૂચના આપવામાં આવી છે.

ઝઘડિયા તાલુકામાં ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ દૂધધારા ડેરી હેઠળના કાર્યક્ષેત્રની 20થી વધુ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી આવી છે. પશુપાલકો રોજગારી મેળવી રહ્યા છે. ભાલોદ, તવડી, હરીપુરા, વણાકપોર સહિત પાંચ દૂધ સહકારી મંડળને 4 જુલાઈથી દૂધધારા ડેરી દ્વારા દૂધ કલેક્શન કરવાની ના પાડવામાં આવી છે. જેના પગલે અસંખ્ય સભાસદો, પશુપાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. દૂધ નહીં ભરવાના કારણે તેમને આર્થિક ફટકો પડી રહ્યો છે. ઝઘડીયા તાલુકાની પાંચ ગ્રામ્ય દૂધ મંડળીઓનું દૂધ કલેક્શન કયા કારણોસર બંધ કરાયું તે બાબતે દૂધધારા ડેરીના મેનેજર ડો. કુલદીપ વ્યાસ ટેલિફોનિક વાતમાં જણાવ્યું હતું કે તમામ દૂધ સંઘો મિલ્ક ફેડરેશન સાથે જોડાયેલા છે. ફેડરેશન તરફથી ભેળસેળ યુક્ત દૂધ આવતું હોય ઝઘડીયા તાલુકાની પાંચ ગ્રામ્ય દૂધ મંડળીઓ જેનું દૂધ કલેક્શન નહીં કરવાની સૂચના આપી છે. વધુમાં જણાવ્યું હતું કે આગામી સમયમાં આ મંડળીઓના સેમ્પલિંગ કરીશું અને સેમ્પલ નેગેટિવ આવશે તેવી મંડળીકનુ દૂધ કલેક્શન ફરીથી ચાલુ કરવાની દૂધધારા ડેરી વતી અમે ફેડરેશનને ભલામણ કરીશું.

ભાવનગરથી પ્રેમી સાથે ભાગેલી પરિણીતાનું પરિવાર સાથે મિલન

અભયમની ટીમે પરણિતાને સમજાવી પરત મોકલી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભાવનગર જિલ્લામાં રહેતી કોમલ (નામ બદલ્યું છે) તેના પતિ અને બે બાળકો સાથે સુખી જીવન ગુજારતી હતી.પરંતુ કોમલનો પરિચય ભરૂચ જિલ્લાના અંકલેશ્વરથી ભાવનગર કામ કરવા ગયેલા યુવક સાથે થતા બંનેય એક બીજાને પસંદ કરવા લાગ્યા હતાં.

કોમલ અને યુવાન એક બીજા વગર રહી નહિ શકતા બંનેય ત્રણ મહિના પહેલા ભાવનગરથી ભરૂચ ભાગી આવ્યા હતાં.જોકે ત્રણ મહિના પહેલા દરેક જિલ્લામાં કોરોના મહામારીના કારણે લોકડાઉનનો કડક અમલ ચાલતો હોય પરિવારજનો તેમને શોધી શક્યા નહિ હતા.પરંતુ અનલોક 2માં આંતર જિલ્લા પરવાનગી મળતા કોમલના ભાઈ-બહેન અને સાસરી પક્ષના એક ભાઈ સાથે શોધતા તે અંકલેશ્વરમાં એક યુવાન સાથે રહેતી હોવાની માહિતી મળી હતી.181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને મદદ માંગી હતી. કોલ મળતા જ રેસ્ક્યુ ટીમે કોમલને શોધી કાઢી હતી.તેનું કાઉન્સિલીંગ કરીને તેને સમજાવી હતી.જે અંગે કોમલને તેની ભૂલ સમજાતા ટીમે તેને તેના ભાઈ અને બહેનને સાથે પરત મોકલી સુખદ મિલાપ કરાવ્યો હતો.

વરસાદી પાણી ભરાઈ જતા મકાનોને નુક્સાન થઈ રહ્યું હોવાના લોકોનો આક્ષેપો

ઉમરાજ પંચાયતની સોસાયટીઓમાંથી વરસાદી પાણીનો નિકાલ નહીં થતા રોષ

વરસાદી પાણીનો નિકાલ નહિ કરાય તો ગાંધીચિંધ્યા માર્ગે સ્થાનિકોની આંદોલનની ચીમકી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના ઉમરાજ ગ્રામ પંચાયતમાં આવેલી સોસાયટીઓમાં ભરાતા વરસાદી પાણીનો નિકાલ નહિ થતા સ્થાનિકોને ચોમાસામાં ભારે તકલીફોનો સામનો કરવો પડે છે.જેથી કરીને પંચાયત દ્વારા વરસાદી પાણી નિકાલનો યોગ્ય વિકલ્પ શોધીને પાણીનો નિકાલ થાય તેવી વ્યવસ્થા કરવાની લોકમાગ ઉઠી છે.

ભરૂચ શહેરમાં નવા વિસ્તારોમાં ઝડપથી નવી રહેણાંકની સોસાયટીઓ તથા કોમર્શીયલ કોમ્પલેક્ષો ઉભા થઇ રહ્યાં છે જેટલી ઝડપથી શહેરના નવા વિસ્તારોનો વિકાસ થઇ રહ્યો છે તેટલી ઝડપથી શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા નહિ હોવાથી સોસાયટી વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યાઓમાં વધારો જોવા મળી રહયો છે.બીજી તરફ પ્રિ- મોનસુન કામગીરી અને સફાઈ બરાબર કરવામાં નહિ આવતાં ઉમરાજ ગ્રામ વિસ્તારની સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાઈ જવાની બૂમો ઉઠી છે.ઉમરાજ ગામ વિસ્તારમાં આવેલી આરાધના સોસાયટી,અર્બુદા નગર-1,2 , વેદાંત સોસાયટીમાં દર વર્ષે વરસાદી પાણી ગણેશ પાર્ક સોસાયટીમાં થઈને હાઈવે પર બનેલી ગટર લાઈનમાં થઈને નિકાલ થતો હતો.પરંતુ હાલમાં ગણેશ પાર્કના રહીશોએ તેમના પ્લોટમાં પુરાણ કરી દેતા આરાધના સોસાયટી,અર્બુદા નગર-1,2 ,વેદાંત સોસાયટી,આસુતોષ-2,પારિજાતક સોસાયટી વગેરેનું પાણી ભરાઈ જાય છે.જેના કારણે આરાધના સોસાયટીના મકાનોને પારાવાર નુકશાન થઈ રહ્યું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.જેથી ઉમરાજ પંચાયત દ્વારા વહેલી તકે વરસાદી પાણીનો નિકાલ કરાય નહીં તો સ્થાનિકોઓએ ગાંધીચિંધ્યા આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

નંદાવના શખ્સ પાસેથી વિદેશી દારૂ લઈ આવતા હતા

સિલુડી રોડ પરથી વિદેશીદારૂ સાથે બે બૂટલેગર ઝડપાયાં

વાલિયા પોલીસે સિલુડી ગામ નજીકથી ઈકો કારમાં વિદેશી દારૂ ભરીને લઈ જતા ડુંગરી ગામના 2 બુટલેગરો ઝડપાયા હતા. •અતુલ પટેલ

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

વાલિયા પોલીસે સિલુડી નંદાવ રોડ ઉપર ઈક્કો કારમાંથી 20 હજારનો વિદેશી દારૂના જથ્થા સાથે ડુંગરી ગામના બે બુટલેગરોને ઝડપી પાડ્યા હતા. ક્યાંથી લાવ્યા તેની પુછપરછ કરતા સુરત જિલ્લાના નંદાવ ગામના બુટલેગર અર્જુન વસાવા પાસેથી લાવ્યા હોવાનું કબુલાત કરતા તેને વોન્ટેડ જાહેર કરી આ ત્રણેય બુટલેગરો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

વાલિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એન.એન. નિનામા તેના સ્ટાફ સાથે સિલુડી નંદાવ વાળા રસ્તે પેટ્રોલીંગમાં હતા તે અરસામાં એક સફેદ કલરની ઈક્કો કાર નંબર GJ-16-CN-7582 સિલુડી ગામ નજીકથી પસાર થતા શંકાસ્પદ જણાતા ગાડીને અટકાવી સઘન તપાસ કરતા કારના પાછળના ભાગેથી વિદેશી દારૂની નાની મોટી બોટલો અને બિયર ટીન નંગ - 156 જેની કિંમત રૂપિયા 20400/- ઈક્કો કાર કિંમત રૂપિયા 2 લાખ અને બુટલેગરનો મોબાઈલ એક કિંમત રૂપિયા 3 હજાર મળી કુલ રૂપિયા 2,23,400/- ના મુદામાલ સાથે અનિલ ઉર્ફે લાલો વિજય વસાવા ઉ.વ.28 રહે મોટું ફળિયું ડુંગરી ગામ તાલુકો વાલિયા અને હિરેન સબ્બીર વસાવા ઉ.વ.24 રહે .નવીનગરી ડુંગરીને ઝડપી અને વિદેશી દારૂ વેચનાર અર્જુન વસાવાને વોન્ટેડ જાહેર કરી ત્રણેય વિરૂધ્ધ પ્રોહીબિશન એકટ કલમ 65(એ)(ઈ),98(2) ,81 મુજબ ગુન્હો નોંધી આગળની તપાસ વાલિયા ઈન. પીઆઈ એન.એન. નીનામા કરી રહ્યા છે.

ટાયર પંચરની દુકાનના સંચાલકને થેલી મળી હતી

ભરૂચમાં રૂા.12 હજાર, ફોન વેપારીએ માલિકને પરત કર્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના નવા તવરા ગામમાં ભીખુભાઈ પટેલ ગુરૂ પૂર્ણિમાના દિવસે સેવાકીય કામ અર્થે ધોળીકૂઈ વિસ્તારમાં આવ્યા હતા.તેઓ પોતાનું કામ પતાવીને મોટર સાયકલ પર ઘરે નીકળ્યા હતાં.જોકે રસ્તામાં તુલસીધામ શાકમાર્કેટ પાસે દુકાને ખરીદી કરવા ઉભા રહેતા તેમને ખિસ્સામાં મુકેલી પ્લાસ્ટીકની થેલી જેમાં મોબાઈલ ફોન અને રોકડા રૂા.12 હજાર હતાં. જે થેલી કોઈ સ્થળે પડી ગઈ હોવાનું માલુમ પડ્યું હતું.તેમણે પોતાના મોબાઈલ પર કોલ કરી જોતા કોઈ સંપર્ક નહીં થાત નિરાશ થઈને તેઓ ઘરે પહોંચી ગયા હતા. જોકે ત્યાર બાદ 2 કલાક બાદ તેમના નંબર પર ફરીથી કોલ કરતા સામે પ્રીતમ સોસાયટીની બહાર નાની ટાયર પંચરની દુકાન ચલાવતા રમણ મેલા મેલાભાઈ વસાવાએ તેમને જણાવ્યું હતું કે,તમારી થેલી મને મળી છે આવીને લઈ જાવ કહેતા ખુશી થઈ હતી.હાલના સમયમાં રમણભાઈએ રૂપિયા અને મોબાઈલની થેલી પરત આપીને ઈમનદારી બતાવી હતી.

એકમ કસોટી વિશે નિર્ણય 9 જુલાઈએ આવી શકે

ભરૂચ|શિક્ષણ વિભાગે કોરોના મહામારી પણ શિક્ષકોને ઘરે ઘરે જઈને એકમ કસોટીના પેપરોનું વિતરણ કરવાની કામગીરી સોંપી હતી. જેના કારણે શિક્ષકોમાં ભારે નારાજગી હતી. ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘે શિક્ષણ સચિવ સહિતના અધિકારીઓને 29 અને 30 જુલાઈએ યોજાનાર એકમ કસોટીને રદ કરવા માટે પત્ર લખ્યો હતો. એકમ કસોટી વિશે નિર્ણય 9 જુલાઈએ આવી શકે છે.ગુ.રા.ન.પ્રા.શિ.સંઘના મહામંત્રી મનોજ પટેલે જણાવ્યુ હતુ કે, સમયના અભાવે શિક્ષણ મંત્રી સાથે સોમવારે યોજાનાર મિટીંગ રદ થઈ હતી. ગુરુવારે તેમની સાથે બેઠક કરીને શિક્ષકોના હિતમાં નિર્ણય આવે તેવા પ્રયત્નો કરીશું.

ડેડિયાપાડા તાલુકામાં સગીરા પર દુષ્કર્મ ગુજારનાર શખ્સ પકડાયો

ભાસ્કરન્યૂઝ | ડેડિયાપાડા

ડેડીયાપાડા તાલુકાના એક ગામ ખાતે રહેતી અને શાળામાં અભ્યાસ કરતી 16 વર્ષીય સગીરાને તા.3 જુલાઇના રોજ ચારેક વાગ્યાના અરસામાં કૌટુંબિકભાઈ આરોપી જીગ્નેશ ખુમાનસીગ વલવીએ યુવતીને પટાવી ફોસલાવીને બોલાવી હતી અને યુવતીને પોતાના ઘરમાં લઈ જઈ બળજબરીથી શારીરિક સબંધ બાધી દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યારબાદ ત્યા થી તે ભાગી છુટ્યો હતો. ફરિયાદ દેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જે આરોપીને ભરૂચ એલ.સી.બી દ્વારા માત્ર ત્રણ દિવસમાં પકડી પાડવામાં આવ્યો છે.

પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા વડોદરા રેન્જ વડોદરા તથા ભરૂચ જિલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાના એ ભરૂચ જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા આપેલી સૂચના આધારે એલ.સી. બી પોલીસ ઈન્સ્પેકટર જે.એન.ઝાલાએ તાબાના પોલીસ સ્ટાફના માણસોને સુચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું અને જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ શોધવા માટે અલગ-અલગ ટીમની રચના કરી પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.પોલીસ ભરૂચ શહેર વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતા.તે દરમિયાન બાતમીદારથી બાતમી મળી હતી કે ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મના ગુનાનો વોન્ટેડ આરોપી જીગ્નેશભાઈ ખુમાનસિંગ વલવી ભોલાવના ભારત પેટ્રોલિયમ પાછળ આવેલા કે.કે. વોટર પ્લાન્ટ ખાતે આવ્યો છે. જે મળેલી બાતમી આધારે સદર નાસતો ફરતો દુષ્કર્મ કરનાર આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ધર્મ•સમાજ•સંસ્થા

ભરૂચની મંગલદિપ સોસાયટીમાં મહાદેવ મંદિરે વ્રતના છેલ્લા દિવસે યુવતીઓએ પૂજા કરી

ગૌરી વ્રત અને જયા પાર્વતીના વ્રતના મંગળવારે છેલ્લા દિવસે હતો. ત્યારે વ્રત કરતી યુવતીઓ સવારે વહેલી ઉઠીને ભરૂચની મંગલદિપ સોસાયટીમાં આવેલા મહાદેવ મંદિરમાં પૂજા કરવા માટે આવી હતી.

અંકલેશ્વરમાં ગૌરી વ્રતની પૂર્ણાહુતિ નિમિત્તે ગોરમા લઇ નીકળેલી કુંવારીકાઓ

છેલ્લા 5 દિવસ થી ગૌરી વ્રતનું પાલન કરતા કુંવારીકાઓ 5 દિવસીય ઉપવાસ પૂર્ણ કર્યા હતા. અંકલેશ્વર ભરકોદ્રા ગામ ખાતે નાની બાળાઓ પોતાની સાથે ગોરમા લાઈ ગામ વિહંગ કરવા નીકળ્યા હતા.

પાનોલીની આર.એલ.પી.એલ કંપનીએ કોવિડ હોસ્પિટલને 500 પીપીઈ કીટ અર્પણ કરી હતી

અંકલેશ્વરની જયાબેન મોદી કોવિડ હોસ્પિટલ ખાતે પાનોલી સ્થિત આર એસ પી એલ કંપની દ્વારા 500 જેટલી 500 પીપીઈ કીટ હોસ્પિટલ ખાતે સારવાર કરતા ડોક્ટર તેમજ નર્સોને અર્પણ કરવામાં આવી હતી.

વાલિયા પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણ કરી 50 ફળની કલમો રોપવામાં આવી હતી

વાલિયા પોલીસ સ્ટેશનના ઈન.પીઆઈ એન.એન. નિનામાએ ઉમદા હેતુથી પોલીસ સ્ટેશનમાં આશરે 50 જેટલા ફળફળાદીની કલમો લાવી આખા સ્ટાફના હસ્તે વૃક્ષારોપણ કર્યું હતું.આ ફળના રોપાઓમાં આંબા, ચીકુ, ઝમરૂખ,ફણસ,નાળીયેર અને કમરખ વાવી આજે નહિ પરંતુ બે ચાર વર્ષમાં આવનાર પોલીસ કર્મીઓના બાળકો અને પરીવારને તેમના સ્વાસ્થ્ય માટે ઉપયોગી થશે તેવા વિચારોથી કંઈક અલગ જ પ્રકારના દરેક ફળની કલમો લાવી રોપવામાં આવી હતી.

નાયબ કલેક્ટર અને સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી અંકલેશ્વર
તાલુકા સેવાસદન અંકલેશ્વર(પ્રથમ માળ) જુના નેશનલ હાઈવે નં.૮,સ્ટેશન રોડ,અંકલેશ્વર-૦૧.
ફોન(કચેરી) નં. ૦૨૬૪૬-૨૨૦૯૭૪ E-mail ID :- sdm-ank-bha@gujarat.gov.in

ક્રમાંક: એમએજી/જન્મ-મરણ અપીલ નં.[illegible]/૨૦૨૦/પાણી/૨૧૧૫ થી ૨૧૧૬ તારીખ ૪/૦૭/૨૦૨૦
અરજદારશ્રી: ચંદ્રકાંત ચિમનલાલ કાપડીયા, રહે.એ/૩૨,હરિદર્શન ટાઉનશીપ,દિવા રોડ,અંકલેશ્વર
વિરૂધ્ધ
સામાવાળા : ચીફ ઓફિસરશ્રી અંકલેશ્વર નગરપાલિકા,તા.અંકલેશ્વર,જી.ભરૂચ.
વિષય : જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩)મુજબ જન્મ-મરણની નોંધણી કરવા બાબતની અપીલ

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત અરજદારશ્રી ચંદ્રકાંત ચિમનલાલ કાપડીયા, રહે.એ/૩૨,હરિદર્શન ટાઉનશીપ,દિવા રોડ,અંકલેશ્વર તરફથી તેઓની માતા મહાગૌરી [illegible] તે ચિમનલાલ કાપડીયાની પત્ની નું મરણ તા. ૧૫-૦૨-૨૦૧૪ ના રોજ અંકલેશ્વર મુકામે થયેલ. પરંતુ જે તે સમય દરમ્યાન અંકલેશ્વર નગરપાલિકાના મરણ રજીસ્ટરમાં તેની નોંધ થયેલ નથી તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેઓના મરણની નોંધ સામાવાળાના મરણ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

વાસ્તે સદરહુ અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઇસમોને વાંધો તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટનાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ માં લેખિતમાં પોતાના વાંધા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશે તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેવી.
આજ રોજ તા.૩ જી જુલાઈ-૨૦૨૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(આર.કે.ભગોરા)સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, અંકલેશ્વર

લગ્ન ગ્રંથીથી જોડાયા છે.

આથી અમો નીચે સહી કરનાર **નિરવકુમાર ગોપાલભાઈ વસાવા, રહે. ગામ-કોંઢ, તા.વાલીયા, જી.ભરૂચ** તથા **ડીમ્પલબેન છત્રસીંહ વસાવા, રહે. ગામ-ચંદ્રવાણ, તા.નેત્રંગ, જી.ભરૂચ** નાઓએ એકબીજાની પસંદગી થી **તારીખઃ ૨૪-૦૬-૨૦૨૦** ના રોજ જ્ઞાતી ના રીત રીવાજ મુજબ સાદાઈ થી લગ્ન કરી કાયદેસર રીતે તે અંગે નું લગ્ન રજીસ્ટ્રેશન કરાવી લીધેલ છે. આમ અમો બંન્ને લગ્નગ્રંથીથી જોડાયા છે. જેની લાગતા વળગતા તથા સગા સંબંધીઓએ નોંધ લેવી.

સહી/- નિરવકુમાર ગોપાલભાઈ વસાવા
ડીમ્પલબેન છત્રસીંહ વસાવા

જાહેર સુચના

સંતોષ ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં. સી-૨૬૦, સાયખા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
તા. વાગરા, જી. ભરૂચ

સંતોષ ઈન્ડસ્ટ્રીઝ - પ્રપોઝ પ્રોડક્શન ઈન્ડસ્ટ્રી પ્લોટ નં. સી-૨૬૦, સાયખા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ. તા. વાગરા, જી. ભરૂચ ને ગુજરાત રાજ્ય એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી (એસઈઆઈએએ) તરફથી એન્વાયરમેન્ટ ક્લીયરન્સ લેટર નંબર : SEIAA/GUJ/EC/5(f)/659/2020 તા. ૦૯-૦૬-૨૦૨૦ દ્વારા અમારી પર્યાવરણીય પરવાનગી માન્ય રાખેલ છે. આ પરવાનગી દ્વારા અમોને પ્રપોઝ પ્રોડક્શન કેપેસીટી ૧૫૦ મેટ્રીક ટન/મહિને ગ્રુપ "એ" માટે અને ગ્રુપ "બી" માટે ૧૨૮૦ મેટ્રીક ટન/મહિને બનાવવા માટે ઈન ઓર્ગેનીક પ્રોડક્ટ માટે મળેલ છે. ઉપરોક્ત પર્યાવરણીય પરવાનગી નકલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પર્યાવરણ વન, અને જળવાયુ પરિવર્તન, ગુજરાત સરકારની વેબસાઈટ http://seiaa.gujarat.gov.in. પર ઉપલબ્ધ છે.

જાહેર નોટીસ/સમન્સ

નાયબ કલેક્ટર અને સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ઝગડીયાની કોર્ટમાં
જન્મ મરણ નોંધણી અરજી નં. ૦૭/૨૦૨૦
અરજદાર : શ્રી રમીલાબેન બચુભાઈ વસાવા રહે. સુકવાણા, લીમોદરા, તા.ઝગડીયા, જી.ભરૂચ.
વિ.
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી લીમોદરા ગ્રામ પંચાયત તા. ઝગડીયા, જી. ભરૂચ.

આ કામના અરજદારશ્રી રમીલાબેન બચુભાઈ વસાવા રહે. સુકવાણા લીમોદરા, તા. ઝગડીયા, જી. ભરૂચનાઓના અરજદારની દિકરી મંજુલાબેન બચુભાઈ વસાવાનું મરણ મોજે સુકવાણા, તા. ઝગડીયા, જી. ભરૂચ મુકામે તા. ૦૪-૦૪-૨૦૦૩ ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલી નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ/સમન્સથી જાણ કરવામાં આવે છે કે, સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોય તો તે રજૂ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમિયાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તા. ૭-૭-૨૦૨૦
સ્થળ : ઝગડીયા
(પી.એલ.વિઠાણી)
નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
પ્રાંત કચેરી, તાલુકા સેવાસદન, ઝગડીયા, જી. ભરૂચ.

FORM A
PUBLIC ANNOUNCEMENT

(Under Regulation 6 of the Insolvency and Bankruptcy Board of India (Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016)

FOR THE ATTENTION OF THE CREDITORS OF
TECHNO FORGE LIMITED

	RELEVANT PARTICULAR	
1.	Name of Corporate Debtor	Techno Forge Limited
2.	Date of incorporation of corporate debtor	28th September, 1979
3.	Authority under which corporate debtor is incorporated / registered	Registrar of Companies, Ahmedabad, India under the Companies Act, 1956
4.	Corporate Identity No. / Limited Liability Identification No. of corporate debtor	L28910GJ1979PLC003508
5.	Address of the registered office and principal office (if any) of corporate debtor	1022 GIDC EstateAnkleshwar - Bharuch GJ 393002 IN
6.	Insolvency commencement date in respect of corporate debtor	2nd July, 2020 (Order uploaded on NCLT website on 6th July,2020)
7.	Estimated date of closure of insolvency resolution process	29th December, 2020
8.	Name and registration number of the insolvency professional acting as interim resolution professional	Name – Bhavi Shreyans Shah Reg. No. – IBBI/IPA-001/IP-P00915/2017-18/11521
9.	Address and e-mail of the interim resolution professional, as registered with the Board	Reg. Add – C 201, Embassy Appt., Petrol pump, Dr. V. S. Road, Ahmedabad, Gujarat 380015 Email – ca.bhavishah@gmail.com
10.	Address and e-mail to be used for correspondence with the interim resolution professional	Address – 9/B, Vardan Complex, Nr. Vimal House, Lakhudi Circle, Navrangpura, Ahmedabad - 380014 Email – ipbhavishah@gmail.com
11.	Last date for submission of claims	20th July, 2020
12.	Classes of creditors, if any, under clause (b) of sub-section (6A) of section 21, ascertained by the interim resolution professional	NOT APPLICABLE
13.	Names of Insolvency Professionals identified to act as Authorised Representative of creditors in a class (Three names for each class)	NOT APPLICABLE
14.	(a) Relevant Forms and (b) Details of authorized representatives are available at:	(a) Weblink: www.ibbi.gov.in/home/downloads (b) NOT APPLICABLE

Notice is hereby given that the National Company Law Tribunal has ordered the commencement of a corporate insolvency resolution process of the Techno Forge Limited on 2nd July, 2020 (Order uploaded on website on 6th July, 2020).
The creditors of Techno Forge Limited are hereby called upon to submit their claims with proof on or before 20th July, 2020 to the interim resolution professional at the address mentioned against entry No. 10.
The financial creditors shall submit their claims with proof by electronic means only. All other creditors may submit the claims with proof in person, by post or by electronic means.
A financial creditor belonging to a class, as listed against the entry No. 12, shall indicate its choice of authorized representative from among the three insolvency professionals listed against entry No. 13 to act as authorized representative of the class [NA] in Form CA.
Submission of false or misleading proofs of claim shall attract penalties.

CA Bhavi Shreyans Shah
Interim Resolution Professional
Reg No- IBBI/IPA-001/IP-P00915/2017-18/11521

Date : 8th July, 2020
Place: Ahmedabad